મધુરી મેના

-અથવા:-

મીઠું બુલબુલ.



પ્રખ્યાત ગાયનોનો

સંગ્રહ.

Copy Right

by

C. M. Shah.

—કીમત—

બે આના.

૧૯૨૫.

પ્રસિદ્ધ કર્તા

બુકસેલર મણીલાલ ભાઇશંકર વ્યાસ.

ઠે સ્ટેશન રોડ, મહર્ગી આર્ટમ ફેક્ટરી સામુ-સુરત.

મધુરી મેના

—અથવા—

મીઠું બુલબુલ

અહલ્યાબાઈ. —૦—

મને એવો પરણ્યો ભાવે, બોલ્યુ સાખે લાડ લડાવે,
ચાકર થઈને નમતો આવે. લાગે **પાય, પાય, પાય,**
મનગમતા વસ્ત્રો લાવે, હીરા મોતીડા મગાવે,
પ્રેમે પ્રીતિરસ પીવડાવે, **ચિતડું ચાય, ચાય, ચાય,**
મીઠી બંસી હુ-એ મણીધર, મધુર નાદપર ડોલે,
નયન ઈશારે **થનથન** નાચે, ખમા, ખમા, કહી બોલે,
નમતો **જાય, જાય, જાય,**
ભલે **મેઘ** એ હોય **શ્યામ** હુ વીજળી થોડી થોડી,
કામાણગારો કૃષ્ણ, ગણીને, બનુ રાધીકા ગોરી—જોડી,
જુગતી **થાય, થાય, થાય.**
ધોળે દિવસે રાત કહું તો, હાજી હા જે કરતો,
બની દીવાનો રૂપ રંગમા પાછળ પાછળ ફરતો,
હંક હોવે ધણી, તો તેવો જોઈએ, લાગે **પાય, પાય, પાય**

આનંદ લહરી. —૦—

હુ છુ **નખરાળી નાર,** સામુ ન જોશો લગાર—હુ ૧
નખરાએ કઈકને ઘાયલ કર્યા છે, મૂર્છા પામ્યા છે હજાર—હુ છુ

વાંકી ભ્રમ્મર મ્હારી કામણગારી, નેણુનાણેખ જરનીધાર—હુ છુ
સ્હામુ જોશે તો પોક મુકી રોશો, બનશો બેઅક્કલ ગમાર—હુ છુ

સુદ્રા પ્રતાપ. —:૦—

બહુ ધીરજના ફળ મીઠા બેન, ધીરજના ફળ મીઠા છે,
કહે ઋતુ વિણ ફળ કયા દીઠા, બેન ઋતુ વિણ કયા દીઠા છે.
તરૂવર તહા તરૂવરની છાયા, ક થ તહાં કામનીની કાયા;
જન બહુ મથન કરીને થાકે, ઉતાવળે આંબા નવ પાકે
મન કરીએ ન અજીઠા બેન—ધીરજ

અહલ્યાબાઈ —:૦—

પીટયા મરજો મા ને બાપ જોડયુ કજોડલુ રે
મુવા મોટા વરમા આપ જોડયુ કજોડલુ રે
રંગ ન જોયા ઢંગ ન જોયા જોયુ ન રૂપ કરૂપ
કાળમોઢને આપી કકુંગી ક્રમે લખીંયા કુપ
મને વળગાડયુ એ પાપ—જોડયુ કજોડલુ રે
મુક્યા કાગળજડા પર નાપ—જોડયુ કજોડલુ રે

માલતી માધવ —:૦—

હો સુંદરી સુજનની માળા, જાઉ કંઈને પ્રણામ હમારા,
મારા નહિ પણ વરમાળા, સુંદર વર આ શરમાળા.
મુખ દગનથી મન ચોરી (૨) ચિત હરી ગઇ બાળ ચકોરી,
તમે કિશોર એ નવલ કિશોરી, મટકે મોહ્યા મટકાળા .હો.

સાગર સરીતા. —૦:—

કુવારૂ ગરૂવુજ ઘણુજ સારૂ બળ્યુ પરણવાનુ, કાકાજી બળ્યુ પરણવાનુ,
સારો ધણી જો નહીં મળે તો જુગ જુગ રડવાનુ;
કાકાજી જુગ જુગ રડવાનું.

પ્રેમથી રમાડુ તને વ્હાલી હમેશા, ખાલી તુ શીદ અકળાય;
ઓ વ્હાલી ખાલી તુ શીદ અકળાય,
ભાણીયા દીકરા મુગો મરી રહે, નહીં તો ફજેતો થાય,
ઓ કાકા તમારૂં નખ્ખોદ જાય.
મેનાં તુ કયારે હવે મારી થાય નહીં તો કુવારૂ૦

અરૂણોદય. —રાગ-ગઝલ-કવ્વાલી.

વ્હાના કહુ વહેવારની, એ વાત આ **અમૂલ** છે,
અભીમાનથી ન ગાભળો તો, આ **તમારી ભૂલ છે !**
મન માન્યુ મળતુ નથી, કોઇને બંધુય સમારમા,
ખામીમા ખામી ખોળતી, એ તો **તમારી ભૂલ છે.**
કાળા છીએ રગે અમે પણ, કાળજા કાળા નથી,
તેનીય કીંમત ના કરો તો, આ **તમારી ભૂલ છે**
છોડી અમે **શ્રી રામને,** જપીએ તમારા નામને,
તોએ ન રાખો નેડનો, તો અંતર અમારૂ ધુળ **છે**
મીઠા અમી આપો નહીં, તો ચાહ એ શા કામનો,
ચા' પાઇ બાળો કાળજા, એ તો **તમારી ભૂલ છે.**

માલતી માધવ. —:૦—

ભાભી મારા ડાહ્યા ડમરાં, શા માટે શરમાવો, તમે શા માટે રીશાવો,
ઓ નાની નણુદલ આવો અહા કોણ? ... **તારા પ્રાણ?**
હવે શા માટે શરમાવો (૨) . ઓ . .. ..

વીર કુણાલ. —:૦—

હુ મદમાતી, **ભુલામણીને** નામે પકાતી,
કોઈ લ્હેરી જોઇ લજવાતી, હુ લચક છમી લેખાતી

ભર જોબનમા ઝોલા ખાતી, દેવદર્શને જાતી,
નીરખી કૈંકની અંતરકળીઓ, ખીલીને કરમાતી, રશથી છલકે મુઘ છાતી.

એકજ ભુલ. —:૦:—

મને ભોળીને ભરમાવીરે મા, કેમ કરૂ !
અણસમજુને ફોસલાવીરે મા, કેમ કરૂ !
મારી પાસે પાસે આવે, છાની વાતો સભળાવે,
મારૂ દીલ લલચાવે, પેલો ગરજી,
પ્યારી કહીને બોલાવે, એની પાસે કેમ ફાવે,
એ તો સાભળે ન એકે, મારી અરજી,
છાતી–મા–તો અરરરરરરર અરરરરરરરર થાયરે મા કેમ કરૂ–મને.
એના મોઢાથી મીઠાશ એ તો જાણે નાગપાશ,
પછી હોય કે ન હોય મારી મરજી
કરે પરાણે એ પ્રીત, એને કયાની હશે રીત ?
થઈ બેશે ધરાર મારો વરજી ?

છત્રવિજય —(૦)—

આશીષ બાપુ આપો, અહીઆથી વજો માપો,
મારા રાજા ચલાકી આનું નામ છે.—
તાલ કેવો કીધો ? ભગલા દગો તે દીધો,
આ સિહ તણો ચાલાકીથી શીકાર પડાવી લીધો—મારા૦
ભોગ લાગ્યા મારા, મે ભગલાને ઘરમા ઘાલ્યો
ગોટાળો ગભીર કર્યો, ને મુલમુલ્ક આ લઇ ચાલ્યો
(વાહરે મારા વ્હાલા–લટકાળા લહેરી લાલા)
કેશર શીદ કરો છો ચાળા ? તમને લઇ જાય મોટરવાળા—મારા૦

સુર્ય કુમારી —(૦)—

સોહામણી **સ્વર્ગની** વાટ, એક દીન શોહાવજો હોરાજ,
રસિલા **અમરાપુરીના** ઘાટ, એક દીન સોહાવજો હોરાજ.
મૃત્યુ લોકના મનુષ્ય ક્યા ક્યા અમરાપુરી ઘાટ,
અઘટીત-કહો એ કેમ બને, વસમી વીકટ એ વાટ.
મુગટમણી તમે રાજસદનના, પારીજાત તમે નંદનવનના;
રાજવંશી દેવાંશી રસીકવર, પ્રિતજ્યોત પ્રકટાવી પરસ્પર.
મેળવવા અંતરમા અંતર, સ્વગ અમાર સોહાવજો હોરાજ,

રાજા શંભાજી. —(૦)—

રાજા તારા ડુંગરીઆ પર, બોલે ઝીણા **મોર,**
મોર જો બોલે **પપૈયા** બોલે, કોયલ કરેરે કલશોર (૨)—રાજા.
માઝમ રાત **વીજલડી** ચમકે, છાઇ ઘટા શી ઘનઘોર (૩)—રાજા.
સાખી { કોકિલ કલરવ તુ કરી, બળતીને નવ બાળ,
હુ સુતી પિયુ વિરહમા, હૈડે ઉડે ઝાળ.
બાઇ"**મીરાં**" કહે પ્રભુ ગીરધરનાગર, તુ મારા ચિતડાનો ચોર—રાજા.

અશ્રુમતી —રાગ—ગરબો—

શુ નટવર વસંત થેઇ થેઇ નાચી રહ્યો,
નાચી રહયો જગ નચાવી રહયો—શુ૦
સાખી { **કોયલ મધુર મોરલી બની, છેડે નટવર કા'ન,**
વિરહ ઘેલી ગોપી ઘણું, તજી નિકળી અભિમાન.
રસિઆ વિનાની બની બાળા ઓ વ્હાવરી,
વેણુ વસંત ચિત્ત વિંધી ગયો-શુ૦
સાખી { **શીતળ સુખકર પવનની લ્હેર ઘુમે ચોપાસ,**
જાણું રાધા કૃષ્ણજી, રાસ રમે છે ખાસ.

વિધ વિધ પંખીના વેણ, ઘુઘરી ઘમકેરે,
મહિ મહિ મેનાના નાદ, ઝાંઝર ઝમકેરે,
સાખી { નવપલ્લવ વાઘો ધરી પચરંગી શીર પાઘ,
ફાગ લાગ સાધી રમે, મદનરાજ મહાભાગ્ય,
લ્હેરી લાલાથી રમે લલનાઓ લાડમા,
પ્રીતિ ગુલાલ લાલ છાઇ ગયો–શુ૦

બલીરાજા. —(૦)—

છોને કહેતા છકેલી, રગીલા મને છોને કહેતા છકેલી,
હું તો જોબનમાં ઘેલી બનેલી—રગીલા મને૦
બાગબગીચાની સહેલ બહુ સુદર, જાણે શુ ઘરમા ગોધેલી,
બદામી હલવોને ધારી જલેબી, તાજી તાજી ખાઉં પહેલી–રગીલા
સાટીનની સાડીઓ કસબી ભરેલી કોર, સ્વપ્ને નહિ કોઇએ દીઠેલી,
પોલકાને ચોળીઓનો પાર નહિ મારે, લટકેથી લુટી લાવેલી–રગીલા.
નવસેરા હાર સાચા મોતીના સુદર, **બંગડીઓ** માણેક મઢેલી,
લુમણાને ઝુમણા લાડવાઇ પહેરતી, વિદ્યા હુ પાકી ભણેલી–રગીલા.

કુસવધ. — ૦ —

કાનુડા તારી કામણગારી, વ્રજમા વાસલડી વાગી,
મીઠી ને વળી મોહક, મન વશ કરનારી—વ્રજમા
મન વશ કરનારી, સ્વર સુણતા લાગે સુખકારી,
હુ ઘેલી, (૨) તમ વિણ થઈ છુ **ગિરધારી**—વ્રજમા

અરૂણોદય. **—આબાદીનો ઉપાય—**

ચાહો જે ભારતના સતાન, જગતમા ભારત આબાદી,
—તમે અંગે ધરો ખાદી.
દેશ ઉદયની તજો નિરાશા, હવે બનો આશાવાદી,

વિદેશીના તમે મોહ તજ્યા નહીં, કરી દેશની બરબાદી,
કલંક કાળા દુર કરો એ, પાવન કર પહેરો ખાદી
"આ દેશ ભારત વર્ષ છે, જ્યાં પ્રથમ અરૂણોદય થયો,"
"અસ્તાચળે તમ ભાગ્યનો ભાનુ અરે આજે ગયો."
"પ્રાચીનકળા મંદીર તમારૂં, તેજહીણ દેખાય છે,"
"કારણ તણારી સંપતિ, પરદેસમાં વહી જાય છે."
લોકમાન્યના વીર વ્રતની, કંઈ ધરો ઉરમાં યાદી,-તમે અંગે

સુરદાસ **-રાગ ભજન-પદ**

નાથ કેસે ગજકો બંધ છુડાયો, પ્રભુ એહી અચરજ મોહે આયો-ના
ગજ ઓરગ્રાહ લડત જલ ભીતર, લડત લડત ગજ હાર્યો,
જવભર શુઢ રહી જલ ઉપર, તબ હરી નામ પુકાર્યો-ના
સવરીકે ઓર સુદામાકે તાદુલ, રૂચી રૂચી ભોગ લગાયો,
દુર્યોધનકો મેવો ત્યાગી, ભાજી વિદુર ઘર પાયો-ના
પેઠ પાતાળ કાળી નાગ નાથ્યો, ફણપર નૃત્ય કરાયો,
ગીરી ગોવરધન કરપર ધારી, નંદ ઘર લાલ કહાયો-ના
અગાસુર માર્યો, બગાસુર માર્યો, દાવાનળ પાન કરાયો,
સ્થભ ફોડકર હિરનાકંસ માર્યો, નરસંગ નામ ધરાયો-ના
અજમેલ ગજ ગુનકા તારી, દ્રોપદીકો ચિર પુરાયો,
પયપાન કરતા પુતના મારી, કુબજાકો રૂપ બનાયો-ના
ખોલ કોટડી પ્યાદલ ધાયો, ગરૂડકો નહિ બોલાયો,
છુટો નહી રાધાજીકો કગન, ઓ બલ કહારે ગુમાયો-ના
જોગી જીનકો ધ્યાન ધરત હે, ધ્યાન ધરત નહીં આયો,
"સુરદાસ" પ્રભુ તિહારે મીલનકુ, જશોદાકી ધેન ચરાયો-ના.

શ્રી ભોજાભગત કૃત. —ચાબખો રાગ ભજન—

મુરખે નાર **કુભારજા** આણી, એનુ ઘર કર્યુ ધુળધાણી—(ટેક)
પાચ મણની **લાપસી** ભરડી, મણની ભુજી **ધાણી,**
ઘીના ઘાડવા ઘોળી નાખ્યા, **દુધમાં** નાખ્યુ **પાણી**—મુરખે.
વાર પરવે **વઢવાડ** કરેને, ક્લેશ કરે જાણી જાણી,
છોકરાને માથે છણુકા કરેને, ચૂટીઓ લે તાણી તાણી—મુરખે.
ખરે બપોરે રસોઇ નીપજાવેને, રાતે જાતે પાણી,
છોકરાને મારી મારી સુવાડે, ઓલાવા રાત જાણી—મુરખે.
ટાઢુ શીળુ કથ આગળ ઝાસે, મરે જ્યારે ભૂત તાણી,
આજ પડે ઘેર ભટકીને આવી, ઉપર જાતા રીશાણી—મુરખે.
પટીયા પાડી આખ આજી આઠડે, સાસરે પીયર ન સમાણી,
"ભોજો ભગત" કહે ગુરૂ પ્રતાપે, ઉતરેલ નાર શીદ આણી—મુરખે.

કેનકતારા —૦—

મય તો મારવાડકો બનીયોરે—મમ્બઇ શહરકો આયો.
મારવાડસે નિકલ્યો જબ તો પાઉમે નહીં થો જુતો,
ધાસલેટ **(લે—ધાસલેટ)** કી ફેરી ફરીને પાજરાપોળમા સુતો.—મ.
બ્યાજ બટાકો ધધો કરીને પૈસા પાચ કમાયો
આધી આધી જમે કરીને લાડીજીકો લાયો—મય તો
લાડીજીકો મુખડો ધોળો, મોરે મનકો ભાયો,
લટક મટક કર ચાલી જાણે, મોરો જી લલચાયો—મયતો.
(અયે ! રામ રામ જીયો ભાઇ ગગારામ દીયા દાન છુટે ગ્રામ
—તાંબા દાન—પીતળ દાન.)—મય તો

વીર કુણાલ —રાગ—ગઝલ—

સમય જો હોય સારો તો, સકળ સંસાર સારો છે,
સમય સારો સિધાવ્યો ત્યા નહીં સસાર તારો છે

સમય પર જે મહારાજા, સમય પર તે ધરે ભગવા,
સમય પર ખાય તે ધક્કા, સમયનો રંગ ન્યારો છે.
ચડે વાદળ ચડે ભરતી, ચડે જોબન વધે લક્ષ્મી,
ઘડીમા તે પડી જાતા, સમયનો રગ ન્યારો છે
સમય સારે ન સારૂ જે, કહે તે સહુ ગમારો છે,
અભાગી ખાય તે ખત્તા, સમયનો રંગ ન્યારો છે

પૃથ્વીપુત્ર —:૦:—

નવીન પ્રેમરસભીની મૃગનયની ભાન તુ ક્યા ભૂલી આવી,
શાણી સલુણી મદન મદમીણી કોણે તને ભરમાવી બ્હેન-ભાન.
સરવર તટપર જલક્રીડાએ સહજ સખી એ તો આવી,
ચપક છાયે ઉભી રહી એને ભોગીએ ભરમાવી.
અરસપરસ અમ આખ મળી મને લોચનીએ લલચાવી-બેન.
માર્ગે જતા મળ્યો મધુકર નિકટ ગઇ અણજાણી.
મદભર રસીકા રસ લૂટતા રસ ઘેન મહીં ઘેરાણી,
મનગમતાની મોજ મજામા ફુલ વેણી વીખરાણી-બેન.

છત્ર વિજય — ૦ —

અલી નયન બાણ ક્યા વાગ્યા ?
મનના મુગ્ધ ભાવ ક્યા જાગ્યા ? સાચું બોલ બોલ બોલ.
કોણ રસિકવર મળ્યા પરસ્પર ક્યા હૃદયે અનુરાગ્યા ?
લોચનીઆ મદઘેરા તલસે અધર સુધારસ તરસ્યા,
વસીકરણ કોણે કીધા આ, વ્હાલ કહે ક્યા વસ્યા ?–સાચુ.
લાલ કોણ ને લગની શાની, હજી હું બાળી કુંવારી,
ચાલાકી મુકી દો ચતુરા, જાણી ઠગાઇ તમારી.

સત્ય પ્રકાશ —:૦:—

બાઈ હુ તો પરણી તોય કુવારી,
મને મળ્યો વૃદ્ધ ભરથાર, મારો એળે ગયો અવતાર—બાઇ
સાસુ સતાવે નણુદ ડરાવે મ્હેણા સહુ સભળાવે,
કજોડલાની કહાણી કહી મને પાડોશણુ શરમાવે—બાઇ.
કુવે તળાવે પાણી જાવુ ત્યા લોકો પાછળ આવે,
"નવી કાકી કયાં ચાલ્યાં" કહીને, પીટયા મને બોલાવે—બાઇ.

ભિષ્મ પીતામહ —:૦:—

જખમના દરદો જખમી જાણેરે, વિણુ જખમી શુ જાણે
મરદના ઘા તો મરદ વખાણે, કાયર શુ જાણે
એ બાઇજી .. કાયર શું જાણે;
આમ્ર સ્વાદમા કોકીલ માણે મૈના દાડમ દાણે,
હરખી હરખી હંસ કમળના કોમળ તતુ તાણેરે,
બગલા શું જાણે એ બાઈજી જ૦
પતિ પત્ની માણે રતીરશમા કામદેવને બાણે,
શુ સમજે તે જોગી જન્મના, જે જગ મીથ્યા જાણેરે,
જાણે તે જાણે . એ બાઈજી જ.

વૈરાટપર્વ **રાગ—ભજન.**

કાયા માયા કોઇકી નાહીં ભાઇ, સબ કહેતે હય અપની અપની.
સત્ય જુગમે હરિશ્ચંદ્ર ભયે રાજા, સત્યકી સત્ય કહી,
એક સત્ય કે કારને ઉને કાયા બેચ દહી?
ત્રેતામે રાવણુ ભયો રાજા કચન કોટ સહી.
એક લક્ષ પુત્ર, સવા લખ જ્ઞાતી, વાકો લકડી નાહીં મીલી?
પ્રાન વાયુ જબ ઉડ ગયા તનસે, માયાભી મીટ ગઈ,
ઇસ દુનીયામે વોહી નર ભુલા, જીસને કાયા અપની કહી.

સંસાર નૌકા. —૦—

શ્યામ ઝુલે હીંડાળા કુંજન બનમે ! કુંજન બનમે મધુ બનમે.

લતાએ પુષ્પોકો, ઝુલેમે કયા ઝુલાતી હએ ?
પવનકે ઝોકોમે કયેસી સુગંધ આતી હએ ?
ચમનમે ઝુકતે શાખે સમા દીખાતી હએ ?
મદનકો ગોદમે લેકર, એહ સબ રમાતી હએ ?
બસ ગઇ સાવરી સુરત એહ નયનમે ?

પૃથ્વી પુત્ર **—રાગ-કવ્વાલી—**

લોકો કહે છે કૃષ્ણ કર્તા, અકર્તા સાક્ષાત છે,
તો ધ્યાન દઇને સાભળો, **આ અજાયબીની વાત છે.**
ખાંડવને બાળ્યુ **અર્જુને** લંકા હતી સોના તણી.
હનુમાનજીને પૂછડે, ત્યા આદર્યો ઉત્પાત છે
બાળ્યો નકામો કામને, બેભાનમા શ્રી **શંકરે;**
દારિદ્ર જગનુ બાળવા ના કોઇની તાકાત છે.
આ કોલસાનો ભેદ એ, દારિદ્ર બાળો દેશનુ,
જો કૃષ્ણથી એ ના બળ્યુ, **તો અજાયબીની વાત છે.**
બ્રહસ્પતિ સમ વિદ્વતામા, વિપ્ર આ સાક્ષાત છે,
ઉલટા તણુ સુલટુ કર્યું, **એ અજાયબીની વાત છે.**

સુરદાસ કૃત. **—ભજન-રાગ-પદ—**

કે'વુ તે વાશે વહાણુ, ઘેલા પ્રાણી કેવુ તે વાશે વ્હાણું-(ટેક)
લાડીને લાવુ ને પુત્ર પરણાવુ, કાલની વાત ન જાણુ-ઘેલા.
બળીરાજા કહે લેઉં ઇન્દ્રાસન, યજ્ઞ કીધા નવ્વાણુ-ઘેલા.
જગત જાુગદીશ ના ઓળખ્યા, ક્ષણુ એક ન રહેવાણુ-ઘેલા.

કાયા જુઠી માયારે જુઠી, જુઠુ તે ઘર કેરૂ નાણું-ઘેલા.
"સુરદાસ" કહે તમે હરી ભજી ઙગો, ઓચિંતુ આવશે આણું-ઘેલા.

નંદ-બત્રીસી. -સત્ય શેત્ર જ?-

ગંગાજળ નિરમળ સમુ, શુદ્ધ પવિત્રજ સાર,
તેવું કુળ જો માહરં (તો) પડ પાસા પોબાર.
હંસ ગયો સરોવર તીરે દીઠુ અમ્રત સાર,
પીધા વીણુ પાછો ફર્યો, (તો) પડ પાસા પોબાર
સત્ય ચુકે જો સાધ્વી, ધરા ન ઝીલે ભાર,
તે ગુણ હોયે જો મુજ મહીં (તો) પડ પાસા પોબાર
નાગ મુખે અમૃત ઝરણ ચોર કને ભંડાર.
કામી પાસ રહે કામની (તો) પડ પાસા પોબાર.
મીઠો આંબો સર્વદા, ઉત્તમ ફળ દેનાર.
સત્ય અસત્ય ઠરે નહિ, (તો) પડ પાસા પોબાર.
વિમળ કમળ વિલોકીને, ભ્રમર ગયો તે ઠાર,
દીઠું પણ અડકયો નહી (તો) પડ પાસા પોબાર
અહલ્યા સીતા દ્રૌપદી સતી ખરી નીરધાર,
તેવું ચિત્ત જો માહરં (તો) પડ પાસા પોબાર
ભૂખ્યા આગળ જો ધરે, ઉત્તમ ભોજન સાર,
ખાધા વિણુ ઉઠે નહિ (તો) પડ પાસા પોબાર

આનંદલહરી, —(૦)—

પાધરે પથે જા ગુમાની! પાધરે પંથે જા
સુંદરી સામા જોઇ જાદુગરી આખના ન કર ઘા;
રસિયાજી! આવી નાજુક વયમા અવળા લક્ષણ આ

છબીલા! પાધરે પંથે જા, રસિલા! પાધરે પથે જા,
વાત કરૂં જરા છાતીયે ચાંપુ, કે ચુંબન આપુ હા.
દંત દંખે એવા અધરામૃતની, સાફ ઘસીને ના;
છોગાળા! પાધરે પથે જા, છબીલા! પાધરે પંથે જા.

રાજતિલક —(o)—

બની મુંબઇની શેઠાણી, હું મોટરમા ફરૂ,
તું પ્હેરે જો આ ખાદી, તો હું કબુલ કરૂં,
બનું પાટણની પટરાણી, રે હું મોજ કરૂં—બની
ઘોડા ગાડીઓ મંગાઉં, વાડી બગલા અપાઉં,
પણ ખાદી તો પ્હેરાઉં, તને મજરી
સાડી ફેશનેબલ લાવો, મ્હારૂં મનડુ મનાઓ—
વળી એરોપ્લેન મગાઓ, આપી વરદી
ઉડે અદ્ધર સરરરરરરરર ફરરરર જાયરે હુ તેમા ફરૂ—બની
પ્હેરો હોસે હોસે ખાદી, પ્યારી એમા છે આબાદી,
મળે આઝાદી ને જાય ત્હારી શરદી,
પૂરો મ્હારા અભિલાષ, માનો મ્હારી ફરમાશ
મ્હારૂં દીલડું બનાની દીધું દરદી—બની.
હે-યા-મા ચરરરરરરરર અરરરરરરરર થાયરે, હું કેમ કરૂ—મની

મહાશ્વેતા કાદમ્બરી —·o—

અલી જોજે મનાતી ભોળી મેના, ભોળવશે તુજને પોપટજી મીઠું મીઠું બોલી,
અલી જોજે દેતી તું અંતર ખોલી . . ભોળવશે

સાખી { પ્રેમે પોપટ દાઝ દીલની દીલ મહીં સમાવશે,
{ રૂતુ વસંતે માનુનીને મદનરાજ મનાવશે.

રમ રાજની રસરેલ જ્યા રગ રગ મહીં વ્યાપી જશે,
જખ મારી મેના મારશે, પણ ખોઇ પાયે લાગશે—

પુંડલીક —:૦:—

હમણા તો નથી નવરાસ ગુરરાજ, અમે ઘડપણમાં ગોવીંદ ગાશું,
મરણુ પછીની વાતો કરો છો મોટી, ત્યારે હમણા શુ પ્હેરવી લગોટી;
વાત થાય છે ઉધારની તે ખોટી, કેમ શ્યામલાલ સાચુ યાર ઘડ.
હજુ બાધવા છે મારે કઇક માળા, હજુ થાતુ છે દશ વીશ મીલવાળા
ઘર તાજા કરી ફુંકવા દીવાળા–કેમ સ્યામલાલ સાચુ યાર–ઘ
જ્યારે ચાલશે નહીં કાયા હમારી, ત્યારે સાભળીશુ કથા આ તમારી,
મળે નારી નહિ તો રહેજે બ્રહ્મચારી–કેમ શ્યામલાલ સાચુ–યાર

મીનળ સુંજાલ — ૦ —

હુ છુ કન્યા કુવારી મને પરણ્યાના કોડ! બ્હેન પરણ્યાના કોડ–
મને મળજો મન ગમતા રે રસીયાની જોડ,
પછી–સર્વ કોઇ કહેશે સુંદરી! લાજ કાઢુ લટકેથી હુ વળી!
-હજુ નાની છુ બાઇ શાને કરતી માથાફોડ, બાઇ કરતી માથાફોડ!
હુ છુ નાની એવા વર લાવુ,–જેમા નન કાંઇ ખોડ!–હુ છુ.

સ્નેહલતા — ૦:—

જે નોકરી દુઃખનું મૂળ શુાને મોટી લાગ લાયરે,
. . શુા સાને મોટી (૨)—જે૦
જાગે દિવસ મેવા બજાવી, પોઢવુ આખર થાડી,
રાત વિતી ન માલમ પડે કે ઝટ નોકરી જાગી–શૂળ૦
આમ દોડાવે તેમ દોડાવે કરાવે સર્વે વેઠ,
થીજ જગતમા જીવનર તેનુ (૨) ભરે આશરે પેટ–શૂળ૦

પંડીત જ્ઞાની ધ્યાની સર્વે લખી ગયા વિચારી,
ગુલામગીરી છે નક્રુટ નોકરી (૨) નહીં કરવી તે સારી-શુળ૦

સુકન્યા સાવિત્રી—(યમ સાવિત્રી સંવાદ)

શા માટે શ્રમ કરે, સતિ તુજ પતિભકિત સાચી (૨) હવે પુત્રી વળતુ પાછી (૨)
સાવિત્રી-સજ્જન કેરા સાથમા, મે ડગ ભર્યા સાત,
મિત્ર ભાવે સુણજે હવે, આ દીન વનીતાની વાત
ધર્મ જે વેદ પુરાણે ભણીયો, મુખ્ય ધર્મ ગૃહસ્થાશ્રમ ગણીયો,
કૃપાનાથમમ, પ્રાણનાથ શુ રહી વૃતી ગચી (૨) વળુ મહારાજ કયમ પાછી (૨)
યમ-સુણી વિવેક ભરી મૃદુ વાણી, થયો પ્રસન્ન અતિ મન શાણી,
સત્યવાનના જીવત વિના, કાઇ-ઇચ્છીત વર યાચી, (૨) હવે
સાવિત્રી-મહારાજ ! (મારાં અંધ સાસુ સુસ્વર દેખતાં થાય)
યમ-તથાસ્તુ ! ભાગ્યવતી તુ અતિ દુર આવી, થાય કોથી મિથ્યા નવ ભાવી-શા૦
સાવિત્રી-પતિ સમીપ શ્રમ નહી જરી, જ્યા જાએ મમ નાથ,
તપવ્રત આપકૃપા વડે ત્યા આવુ તમ સાથ, સંગત સજ્જન તણી નથી સોંઘી
મૈત્રી સંત પુણ્યની મોંઘી, કૃપાનાથ મમપ્રાણનાથ શુ રહી વૃત્તિ ગચી (૨) વળુ
યમ-અર્થ યુક્ત સભાષણ તારૂ બુદ્ધિમા વૃદ્ધિ કરનારૂ,
સત્યવાનના જીવન વીના, કાઇ-ઇચ્છીત વર યાચી—હવે
સાવિત્રી-મહારાજ (મારા બુદ્ધિશાળી સસરાજીને પાછુ રાજ્ય પ્રાપ્ત થાય)
યમ-તથાસ્તુ ! ઉત્તમ વર બે આપ્યા ભાવે હજી પ્રેમદા પુઠળ આવે-શા૦
સાવિત્રી-સુપાત્ર જન કરતા કદી, સુપાત્રોનુ સનમાન,
માનુ, તો દુશ્મન તણુ, પણ સાધે કલ્યાણ.
કૃપાનાથ મમ પ્રાણનાથ શુ, રહી વૃત્તી રાચી (૨) વળુ.

યમ–શિતળ વચન સુધાસમ તારા, તૃષાતૃષાતુરની હરનારા,
સત્યવાનના જીવીત વિના, કાંઇ–ઈચ્છીત વર યાચી—હવે.
સાવિત્રી–મહારાજ! (મારા પિતાના કુળ વૃદ્ધી કરનાર મારે
સો ભાઈ થાય.)
યમ–તથાસ્તુ. સાસરીયાનુ માન વધાયુ ,પીયર તણુ પણ કાજ સુધાર્યું –શા.
સાવિત્રી–પર દુખે દુખીયા બને, દુખદ હૃદય વિશ્રામ,
ભરૂસો ભારે સતનો, ઠરવાનુ શુભ ઠામ
સ્વજન માહી વિશ્વાસ નવ લાવે, સજ્જન ઘર પુછતુ સૌ આવે,
કૃપાનાથ મમ પ્રાણુનાથ શુ રહી વૃત્તી રાચી (૨) વળુ
યમ–મધુરા નવીન વચન સભળાવ્યા, અતિશય તે મારે મન ભાવ્યા.
સત્યવાનના જીવીત વીના કાંઇ–ઈચ્છીત વર યાચી. (૨) હવે
સાવિત્રી–મહારાજ! (મને મારા સ્વામીથી ઔરસ સો, પુત્ર થાય
યમ–તથાસ્તુ ! ઘટે ના થાવુ અતિ વર લોભી, તજી પુઠ હવે
જા અહીં થોભી–શા૰
સાવિત્રી–સ્વધર્મ વ્હાયો સાધુને, જે ચુકે નવ લગાર,
સાપ્રત ભુત ભવિષ્યની, ગતિ તણા આધાર.
સજ્જન ફરે ન આશા આપી, બોલ્યુ અબોલ્યું ન કરે કદાપી
કૃપાનાથ મમ પ્રાણુનાથ શુ રહી વૃત્તી રાચી (૨) વળુ
યમ–અમુલ્ય તારા વચન વિચારી, વાધે તુજમા ભકિત મારી,
ભગવતી છેલ્લુ ઉત્તમ અનુપમ, ઇચ્છીત વર યાચી. (૨) હવે
**સાવિત્રી–પુત્ર તણું મુજને દીધું, પ્રભુ આપે વરદાન,
જીવીત દાન દઈ જીવનને, સત્ય કરો ભગવાન . ..**

સુરત બરાનપુરી ભાગળ, ભાજીવાળી પોળમા આવેલા શ્રી અનાદિ-
બંધુ પ્રી પ્રેસમા ગોવિંદજી ડાહ્યાભાઈ નાયકે છાપી